વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

હસમુખરાય એન. સોની
(૧૯૫૧)૯૪૨૭૦૫૪૯૫૯

ડૉ. પ્રતાપરાય ગણપતરામ પંડ્યા
(૧૯૩૮)ફોન :૨૩૨૪૧૭૬૯

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી ૧૫મી એપ્રિલે પલ્સ પોલિયો કાર્યક્રમનો પ્રારંભ કરાવશે

તા. ૧૫મી એપ્રિલ, ૨૦૧૨ના રોજ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી બાળકોને પોલીયો વિરોધી રસીના ટીપાં પીવડાવીને પલ્સ પોલીયોના રાજયવ્યાપી અભિયાનનો પ્રારંભ કરાવશે. તા. ૧૫મી એપ્રિલ, રવિવાર, સવારે ૯-૦૦ કલાકે કોમ્યુનીટી હોલ, મંત્રીશ્રીઓના નિવાસસ્થાન સંકુલ, સેકટર-૨૦, ગાંધીનગર ખાતેથી પલ્સ પોલીયો કાર્યક્રમનો શુભારંભ થશે તેમ અધિક નિયામક, આરોગ્ય અને તબીબી સેવાઓની યાદીમાં જણાવાયું છે.

ચરાડા ગામની શાળામાં વોલીબોલ રમતની તાલીમ

ગાંધીનગર, તા. ૧૩

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા માણસા તાલુકાના ચરાડા ગામની ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં વોલીબોલ રમતનું એક્સલેન્સ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં નિષ્ણાંત કોચ દ્વારા તાલીમ આપવામાં આવે છે. પ્રથમ બેચમાં ૧૫ ભાઈઓ અને ૧૦ બહેનોની પસંદગી કરવામાં આવી છે. તાલીમ માટે ખેલાડીઓને રૂા. ૧ લાખના વોલીબોલના રમતના સાધનો વીમા કવચ, રૂા. ૩,૦૦૦/- સુધીની રમતની કીટ અને ગણવેશ પણ પૂરો પાડવામાં આવે છે.

ગુજરાતનો ઔદ્યોગિક વિકાસસમુદ્રતટ ઉપર ફાસ્ટટ્રેક બન્યો છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ભરૂચ જિલ્લાના વિલાયતમાં ખાનગી ક્ષેત્રનાં જ્યુબિલંટ સેઝનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસ સમગ્ર તટ ઉપર આકાર લઈ રહ્યો છે. જે વિશ્વ પરનું કેન્દ્રબિંદુ બની જશે.

દુનિયામાં સૌથી મોટો ડિસેલીનેશન પ્લાન્ટ દહેજમાં સ્થપાશે એમ મુખ્યમંત્રીશ્રીએ ગૌરવ પૂર્વક જાહેર કર્યુ હતું. ભરૂચ જિલ્લાની ઔદ્યોગિક વિકાસ યાત્રામાં સીમાચિન્હરૂપ, એક જ દિવસમાં બે ઔદ્યોગિક સાહસના ઉદ્‌ઘાટન મુખ્યમંત્રીશ્રીએ કર્યા હતા. જંબુસરમાં વિન્ડ ટર્બાઈન્ડ ટાવર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યા બાદ વિલાયતમાં રૂા.૧૭૦ કરોડના મૂડી રોકાણ સાથે ભરતીયા ઔદ્યોગિકગૃહ સંચાલિત આ જ્યુબિલંટ સેઝનું આજે મુખ્યમંત્રીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

ગુજરાતની વિકાસ યાત્રામાં ભરૂચ જિલ્લાની ઝડપી ગતિશીલતાનું ગૌરવ વ્યક્ત કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, હવે માત્ર અંકલેશ્વર-વાપીના ગોલ્ડન કોરીડોર પુરતો ઔદ્યોગિક વિકાસ સિમિત પથ રહ્યો નથી. પરંતુ ગુજરાતના બધાં પ્રદેશો ઔદ્યોગિક વિકાસથી ધમ-ધમી રહ્યા છે અને ધરતીકંપ તથા સહકારી બેંકોના નાંણાકીય કૌભાંડો પછી ગુજરાતને બેઠું કરવાના પડકાર સામે ગુજરાતને બદનામ કરવાના અપપ્રચારની આંધિ ઉઠેલી.

આ નકારાત્મક માહોલ વચ્ચે ગુજરાતે રાજકીય નિર્ણય શક્તિથી વાયબ્રન્ટ ગુજરાતનું ગુજરાતનું મીશન-૨૦૦૩ માં ઉપાડ્યું હતું અને ગુજરાત વિરોધીઓની સામે 'પથ્થર ઉપર લકીરનું' સામર્થ્ય દાખવી ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણમાં સર્વાધિક રહ્યું છે એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતની પરંપરાગત ટ્રેડર્સ સ્ટેટની આવી બધાથી હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ સુધીની વિકાસયાત્રામાં ગુજરાત સરકારે એન્વાર્યમેન્ટ ફ્રેન્ડલી ડેવલપમેન્ટની દિશા લીધી છે એમ તેમણે ઉમેર્યું હતું.

પર્યાવરણ સુરક્ષા માટે ૬૦૦ મેગાવોટ સોલર એનર્જી પાવર પ્લાન્ટ તૈયાર કર્યો છે. આગામી સમયમાં ગુજરાતનો વિકાસ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈ.ટી.), બાયો ટેકનોલોજી (બી.ટી.) અને એનવાર્યનમેન્ટ ટેકનોલોજી (ઈ.ટી.) ના ત્રણ આધાર સ્થંભ ઉપર થવાનો છે.

રાઈટ ટુ એજ્યુકેશનના કઠોર અમલની માંગણી કરીને વિદ્યાર્થીઓ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. સર્વેને ભણવાનો અધિકાર મળવો જોઈએ. સર્વેને સમાન હક્ક પ્રાપ્ત થાય તેવી માંગણે સાથે આવેદન પત્ર પણ આપ્યુ.

વસ્ત્રાપુર વિસ્તારમાં યુવકનો અપહરણ બાદ છુટકારો થયો

અપહરણકારોએ ૧૦ લાખ રૂપિયાની ખંડણી પણ માંગી હતી

અમદાવાદ,તા.૧૩

વસ્ત્રાપુરમાં રહેતા યુવકનું ગઈ કાલે એસજી રોડ પરથી બપોરે અપહરણ કરવામાં આવ્યું હતુ. ત્યાર બાદ અપહરણકર્તાઓએ ૧૦ લાખ રૂપિયાની ખંડણી માગી હતી. જો કે, ત્યાર બાદ ગણતરીના કલાકોમાં જ અપહરણકર્તાઓએ યુવકને છોડી મુકતા તર્ક વિતર્ક સર્જાયા છે. આ મામલે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી અપહરણકર્તાઓની શોખખોળ હાથ ધરી છે. શહેરના થલતેજ વિસ્તારમાં આવેલ લવકુશ ટાવરમાં હિતેન અશોકભાઈ શાહ તેમના પરિવાર સાથે રહે છે. હિતેન રિલાયન્સની ઈન્સ્યોરન્સ કંપનીમાં કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગઈ કાલે બપોરે ૨ વાગ્ય તેઓ ઘરેથી નિકળ્યા હતા.

ત્યાર બાદ તેઓ એસ.જી.હાઈવે પર રાજપથ કલબની પાસે આવેલ શંભુ કોફી બાર પાસે ઉભા હતા. ત્યારે રાજસ્થાન પાર્સિંગની એક કાળા કલરની કાર આવી હતી. તેમાં બેઠેલા પાંચ વ્યક્તિઓ નીચે ઉતર્યા હતા. તેમણે હિતનું મોઢુ દબાવી દઈ મારી નાખવાની ધમકી આપી કારમાં અપહરણ કર્યું હતુ. ત્યાર બાદ હિતેનને વસ્ત્રાપુરમાં જ આવેલ નવનીત પ્રેસની ગલીમાં આવેલ એક મકાનમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેની પાસે રૂ. ૧૦ લાખ રૂપિયા છોડવા માટે માગ્યા હતા. ત્યાર બાદ અપહરણકર્તાઓએ હિતેનને ફટકાર્યો હતો અને મોડી સાંજે રસ્તામાં ફેંકી જતા રહ્યા હોવાની ફરીયાદ વસ્ત્રાપુર પોલીસ મથકમાં દાખલ કરવામાં આવી છે. આ ઘટનામાં હિતેનને ઈજા થતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેની તબીયત સુધારા પર હોવાનું પોલસે જણાવ્યું છે.

આજે સુંદરકાંડના પાઠ યોજાશે

રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ આજે તા. ૧૪મી એપ્રિલ ૨૦૧૨ને સવારે ૮ કલાકે પ્લોટ નં. ૧૫/૩, સેકટર-૩-એ-ન્યુ, ગાંધીનગર ખાતે યજમાન વિપુલભાઈના નિવાસસ્થાને સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાશે તથા સાંજે ૬ કલાકે સેકટર-૨૧ પેટ્રોલપંપની સામે, રાજુભાઈ ટાપરવાડાના યજમાન પદે યોજાશે. જેનો સૌ ભાવિકજનોને લાભ લેવા આયોજકો તરફથી ખાસ જણાવવામાં આવ્યું છે.

આજે નવચેતના સંસ્થા દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે

બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગરના સેકટર-૧૨ ખાતે આવેલા આંબેડકર હોલમાં સાંજે ૪ કલાકે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે. રેવન્યુ કમીશનર અને આઈ.એ.એસ. અરૂણભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને યોજાનાર કારિકીર્દી માર્ગદર્શન સેમિનારમાં ગાંધીનગરના વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમના હેડ ઓફ ડિપાર્મેન્ટ ડૉ. સોનલ પંડયા, મનો ચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદ અને કલ્યાણસિંહ ચંપાવત ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી અને તેમના વિકાસ માટેનું માર્ગદર્શન આપશે એમ ડી.એમ. પરમારે જણાવ્યું છે.

આજે દહેગામમાં સુંદરકાંડના પાઠ યોજાશે

કળિયુગમાં જેનું સ્મરણ માત્ર મનુષ્ય જીવનના તમામ પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિનુંનિવારણ થઈ જાય છે. એવા હાજરા-હજૂર દેવ હનુમાનજી મહારાજની પાવન પવિત્ર સાધના-આરાધના-ઉપાસના અને પ્રાર્થનાના પરમ સ્વરૂપ એવા 'રામચરિત માનસ'ના પંચમ સોપાન 'સુંદરકાંડ સંગીતમય પાઠ'નું ગોસ્વામી દિલીપભારતી અને બાલાકિર્તનકાર ગોસ્વામી હિરલની વ્યાસપીઠે આજે તારીખ ૧૪ એપ્રિલ ૨૦૧૨ને શનિવારના રોજ રાત્રે ૮-૦૦ કલાકે, રામકૃષ્ણ સોસાયટી આઈ.ટી.આઈ. રોડ, ગાયત્રી સોસાયટી પાસે, દહેગામ ખાતે જાહેર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પધારવા ભકતજનોને પ્રેમભર્યું હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

નવચેતના ગાંધીનગર દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનુંઆયોજન આગામી તા. ૧૪ એપ્રિલના રોજ સાંજે ૪ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે કરવામાં આવ્યું છે. મહેસૂલ વિભાગના રેવન્યુ કમિશનરશ્રી અરુણ સુતરિયાના અધ્યક્ષસ્થાને આયોજીત આ સેમિનારમાં વકતા તરીકે કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. સોનલ પંડયા સ્માર્ટ એકેડેમીના ડૉ. કલ્યાણસિંહ ચંપાવત અને મનોચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદ ઉપસ્થિત રહેશે.

બોડકદેવ ખાતે શૉ રૂમમાંથી લાખોના મોબાઈલની ચોરી

દુકાનનાં તાળા તોડી ચોરી કરાઈ : અમદાવાદમાં ગરમીની સાથે સાથે તસ્કરોની ટોળકીએ ગરમી બતાવવા શરૂ કર્યું

અમદાવાદ, તા.૧૩

શહેરના બોડકદેવ વિસ્તારમાંઆવેલા આકાશ ટાવર ખાતેનાં મોબાઈલ શૉ રૂમમાં તસ્કરો ત્રાટકી લાખો રૂપિયાનાં મોબાઈલની ચોરી કરી જતા ભારે ચકચાર મચી ગઈ છે. નોંધનીય છે કે અમદાવાદમાં જેમ જેમ ગરમીનો પારો ઉપર જઈ રહ્યો છે. તેમ તેમ તસ્કરો પણ બેફામ બની રહ્યા છે. મોબાઈલ શૉ રૂમમાં થયેલી લાખો રૂપિયાની ચોરીના પગલે પોલીસમાંભારે દોડધામ મચી ગઈ છે.

શાહપુર મંગળ પારેખના ખાંચામાં આવેલી રેવાદાસની પોળમાં હાર્દિક બિપીનભાઈ શાહ (ઉ.વ.૩૧) પોતાના પરિવાર સાથે રહે છે. હાર્દિકભાઈ બોડકદેવ પ્રેમચંદનગર ખાતેઆવેલા આકાશ ટાવરમાં મોબાઈલ ગેલરી નામનો શૉ રૂમ ધરાવે છે. ગઈ કાલે રાત્રિના ૧૧ વાગ્યાના સુમારે હાર્દિકભાઈ તેમજ કર્મચારીઓ શૉ રૂમને તાળામારી ઘરે ગયા હતા દરમિયાનમાં શૉ રૂમ પર તસ્કરો ત્રાટક્યા હતા. શૉ રૂમનુંશટર તોડી અનદર પ્રવેશ્યા હતા. જ્યાંથી તસ્કરો જુદી જુદી કંપનીના મોબાઈલ ફોન ચોરી કરી લઈ ગયા હતા. દરમિયાનમાં આજે સવારે ૧૦:૩૦ વાગ્યાના સુમારે હાર્દિકભાઈ અને કર્મચારીઓ શૉ રૂમ પર આવ્યા હતા ત્યારે શૉ રૂમમાં ચોરી થઈ હોવાનુંજાણી ચોકી ઉઠ્યા હતાં. ઘટનાની જાણ વસ્ત્રાપુર પોલીસને કરતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો. વસ્ત્રાપુર પોલીસે ડૉગ સ્કવૉર્ડ અને એસ.એસ.એલ.ની મદદ લીધી હતી.

ઘરફોટ ચોરી રોકવા માટે પોલીસનો એકશન પ્લાન

અમદાવાદમાં ગરમીની સાથે સાથે ઘરફોડ ચોરીઓમાં અચાનક વધારો થઈ ગયો છે. જેથી શહેરીજનોમાં ભયની લાગણી ફેલાઈ ગઈ છે. ત્યારે સેક્ટર-૧ના જેસીપીએ ઘરફોડ ચોરીઓને રોકવા ખાસ એકશન પ્લાન ઘડ્યો છે. જે મુજબ સેક્ટર-૧ના તમામ પોલીસ મથકના પી.આઈ.ઓ.ને નાઈટ પેટ્રોલિંગ વધારી દેવા કડક સુચના આપી છે.

ઈસનપુર ગામેથી સેજલબેન રબારી કહ્યા વિના ચાલ્યા ગયા

ચિલોડા, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામેથી અસ્થિર મગજ ધરાવતા સેજલબેન પ્રભાતભાઈ રબારી જેઓ મૂળ રહેવાસી વિસતનગર, બજરંગ આશ્રમ સામે, કેવડાજીની ચાલી, અમદાવાદના ૧૦-૪-૧૨ના રોજ પોતાના સંબંધીના ઘરે આવ્યા હતા. તેઓ અસ્થિર મગજના તથા મંદબુધ્ધિના કારણે કોઈને કહ્યા વિના ઈસનપુરથી ક્યાંક ચાલ્યા ગયા હતા. બાળા શરીરે મધ્યમ બાંધો, દેખાવે ઘઉં વર્ણ તેમજ ગુજરાતી ભાષા જાણે છે. તેણીએ મરૂન કલરનો પંજાબી ડ્રેસ પહેરેલ છે. ગુમ થયા તેણીના પિતાએ પ્રભાતભાઈ જોરાભાઈ રબારીએ ચિલોડા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી આપતાં પી.એસ.આઈ. વી.જે. જાડેજા તપાસ ચલાવી રહ્યા છે.

શબ્દાવલી - ૪૬૯૯



આડી ચાવી

૧. ગુલજાર, બગીચો (૪)
૩. હલકા કુટુંબનું, નીચ (૩)
૬. બુશર્ટની બાંયમાં શૉ પીન જેવું બટન ભરાવવામાં આવે તેને કહેવાય (૪)
૭. અઢળક, મબલક (૪)
૧૦. સાધુ, સન્યાસી (૨)
૧૧. બ્રેડ, ભાજી.... (૨)
૧૩. વશ કરવું, ... કરવું (૩)
૧૫. આતુરતા (૪)
૧૭. ભાન સહિત, ભાનમાં (૪)
૧૮. બાફેલા કઠોળ વગેરે (૩)
૧૯. ઉચ્ચ અધિકારી, ખાવાની વાનગી (૨)
૨૦. ચપળ, અસ્થિર (૩)

ઊભી ચાવી

૧. અભિમાન, નશો (૩)
૨. વધેલું, ફાલતું (૩)
૩. છળ, પ્રપંચ (૩)
૪. નકલી, બનાવટી (ખાસ કરીને ચલણી નોટ) (૨)
૫. શરીર (૨)
૬. કચવાયેલું, રીસાયેલું (૪)
૮. સાચુ, નક્કર (૨)
૯. મોટી લડાઈ, મહાયુધ્ધ (૫)
૧૧. ચોપાટ રમવા માટે દાવ નાખવા .... જોઈએ (૨)
૧૨. ધડ માથા વગરની (વાત) (૫)
૧૩. મઠો, માખણ (૩)
૧૪. 'નડતર' શબ્દ આડોઅવળો (૪)
૧૬. લાફો, લપાટ (૪)

શબ્દાવલી ૪૬૯૮ના જવાબ

આડી ચાવી :- (૧) બારૂદ (૩) લાગવગ (૬) રગડો (૮) જીન (૮) જીન (૯) કવિ (૧૧) લલકાર (૧૩) સતક (૧૬) કતરણ (૧૮) ખગ (૧૯) સકલ (૨૦) ડર (૨૧) કથા (૨૨) છૂકછૂક (૨૪) તાત (૨૫) રોં

ઊભી ચાવી :- (૧) બારકસ (૨) દર (૩) લાડોલ (૪) વજીર (૫) ગન (૭) ગલ (૧૦) વિતકકથા (૧૨) કાથી (૧૪) કતલ (૧૫) મગર (૧૭) ણઠક (૧૮) ખડક (૧૯) સકટ (૨૨) છૂત (૨૩) છૂરા

સમાચાર ઝલક

- કોસંબામાં પાણી મુદ્દે યુવાને મહિલાની આંગળી કરડી ખાધી.
- વલસાડની રિલાયન્સ ગેસ કંપનીમાં ગળતરથી દોડધામ.
- વોલમાર્ટ કંપની વલસાડની કેરી અને શાકભાજી ખરીદવા તૈયાર.
- દેડિયાપાડાના ચિકદા ગામે ટ્રક દિવાલ સાથે ભટકાતાં બાળકીનું મોત.
- મહુધાના પી.એસ.આઇ. રાઇટર ૨૦ હજારની લાંચ લેતા પકડાયા.
- પંચમહાલના ગદકપુર પાસે એલ.પી.જી. ગેસ ભરેલું ટેન્કર પલટતાં દોડધામ.
- સુરેન્દ્રનગર જિલ્લાના ૬૫૧ ગામમાં ઘરે ઘરે પાણી મળશે.
- માણાવદરના રસાલા ડેમમાંથી ખનિજ ચોરી પકડાઇ.
- કોડીનારમાં ચાલકે કાબૂ ગુમાવતા ટ્રેકટરે છ ને ઠડફેટે લીધા
- અમરેલીમાં ગરીબ કલ્યાણ મેળાનો વિરોધ કરતા ૩૫ કોંગી આગેવાનોની અટકાયત
- ભાવનગરમાં ભૂંકપના બે તીવ્ર આંચકાઓનો અનુભવ.
- ઉનાનાં રામેશ્વરમાં જૂથ અથડામણ : ૧૧ ઘાયલ.
- હારિજના દેરાસરમાંથી ૨.૫૦ લાખના દાગીના ચોરાયાં.
- ઇન્ડોનેશિયાના ભૂંકપના પગલે કચ્છમાં સતર્કતા.
- પ્રદૂષણ અંગે વડોદરા રિલાયન્સના કેકર પ્લાન્ટને જીપીસીબીની નોટીસ.
- ભાવનગરમાં સ્ક્રેપના વેપારી પાસેથી ૭ લાખની વેટ ચોરી ઝડપાઇ.
- ગઢાળીથી સવા લાખનો ખાદ્ય તેલનો જથ્થો સીઝ કરાયો.
- ભાવનગરના અલીયાળીમાં ટ્રેનની ટક્કરથી ટ્રેકટરના ફુરચા.
- અલગઢ ગામે ૨.૫ ટન ખેરના લાકડા ભરેલો ટેમ્પો ઝડપાયો.
- સૌરાષ્ટ્રના યાર્ડોમાં ત્રીજા દિવસે પણ મગફળીની હરાજી ઠપ્પ.
- સોરઠમાં સતત બીજા દિવસે પણ ઝાકળવર્ષા - વાદળછાયું વાતાવરણ.

ઊંઝા તાલુકાના પળી ગામની મહિલાના હત્યાનો કેસ ઉકેલાયો

ઊંઝા, તા. ૧૩

ગત તા. ૭મી એપ્રિલના રોજ ઉંઝા તાલુકાના પળી ગામની એક મહિલાની ખેતરમાં હત્યા કરી તેની પાસેથી મોબાઈલ ફોન તેમજ કાનમાંથી બુટ્ટીઓની લૂંટ ચલાવીને નાસી છૂટવાના ગુના સંદર્ભે પોલીસે કંથરાવીના એક શખ્સની ધરપકડ કરી તેની પાસેથી લૂંટમાં ગયેલ મોબાઈલ ફોન કબજે કરેલ છે.

ગત તા. ૭મી એપ્રિલે પળી ગામના ભારતીબેન મણીલાલ પટેલ નામની ૫૦ વર્ષિય મહિલા સવારના સમયે ખેતરમાં એરંડાની માળા ઉતારવા માટે ગયા હતા ત્યારે કોઈએ કોઈ અગમ્ય કારણોસર મહિલાની હત્યા કરી તેમની પાસેથી મોબાઈલ ફોન તેમજ કાનની કડીઓનીલૂંટ ચલાવી હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.

આ ગંભીર બનાવ અંગે ઉંઝા પોલીસે ખૂન અને લૂંટનો ગુનો નોંધી કેટલાક શકમંદ ઈસમોની સઘન પુછપરછ શરૂ કરી હતી. દરમિયાન ટીનો જયંતિભાઈ દેવીપૂજક રહે. કંથરાવી તા. ઉંઝાવાળાએ મૃતક મહિલાના મોબાઈલ ફોનનું મૂળ સીમકાર્ડ ફેંકી દઈને બીજા સીમકાર્ડથી તે જ દિવસે બપોરના ૧૩ કલાક ૫૨ મિનિટે મોબાઈલફોન ચાલુ કર્યો હોવાની હકિકત પોલીસ તપાસમાં બહાર આવતા પોલીસે સદર શખ્સને ઝડપી લઈ આજે તેની ધરપકડ કરી વધુ તપાસ આરંભી છે. આ ગંભીર પ્રકારના ગુનાનો ભેદ ઉકેલીને પોલીસે મૃતક મહિલાની કાનની કડીઓ વિશે સઘન પૂછપરછ કરી છે.

આજે ડૉ. આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે વણકર સમાજ પુષ્પાંજલિ અર્પશે

ગાંધીનગર વણકર સમાજના પ્રમુખ પી.જે. પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૧૪મી એપ્રિલને ૨૦૧૨ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગરના ઘ-૪ સર્કલ ખાતે આવેલી ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ સવારે ૯ કલાકે યોજાશે. જેમાં સમાજના તમામ સભ્યો ખાસ ઉપસ્થિત રહેશે.

લાગણીનો મેળો (પાના નં. ૪ નું ચાલુ)

આર્થિક ઉપાર્જનની સાથે માનસિક આનંદની પરિતૃપ્તિમાં જ વ્યવસાય-સંતોષ રહેલો છે. જે કામમાં રસ હોય, ઉત્સાહ હોય તેમાં જ સફળતા મળે. પરાણે કે લાદેલા કાર્યમાં જોતરાવાથી કદી ભલીવાર ન સધાય. ભૂલેચૂકે ધનલોભથી એવા વ્યવસાયમાં સપડાતા નથી - લપસી પડતા નહીં કે જેનાથી સમાજમાં અનિષ્ટ સર્જાય, અનર્થો પેદા થાય. તેમ દેશનું ભાવિ છો. તમે સ્વીકારેલ વ્યવસાય સમાજ માટે કલ્યાણકારક અને ઉપકારક બની રહે. એ પણ એટલું જ મહત્ત્વનું છે. ''સ્વ'' ની સાથે 'સર્વ' નું હિત વિચારી નિર્ણય કરશો તો સાચો વ્યવસાય સંતોષ માણી શકશો!!!

- : સ્પર્શમણિ : -

- આશા, ઉત્સાહ અને ગતિનું નામ જ જીવન છે.
- કાર્ય કરતાં પહેલાં વિચારવું તે બુધ્ધિમતા, કાર્ય કરતી વખતે વિચારવું તે સતર્કતા અને કાર્ય કર્યા પછી વિચારવું તે મૂર્ખતા!
- જરાક જ જુદી રીતે જીવવાથી ભીડ, ઘોંઘાટ અને માથાકૂટથી આબાદ બચી શકાય છે.

- મો. ૯૯૧૩૪૨૬૯૪૯